## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલના યુવકે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ભૌતિકશાસ્ત્રના સંશોધકે Ph.D.ની પદવી મેળવી



**કાલોલ :** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના Department of Physics ખાતે તા. 28 નવેમ્બર, 2025 ના રોજ ભૌતિકશાસ્ત્ર (Physics) વિષયમાં Ph.D. વાઇવા પરીક્ષા યોજાઈ.કાલોલના વતની સંશોધક યશ વિનયકુમાર જોષી એ પોતાનું Ph.D સંશોધન કાર્ય પ્રોફેસર એમ. પી. દેશપાંડે, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ Physics , વલ્લભ વિદ્યાનગર - આણંદના કુશળ માર્ગદર્શન હેઠળ પાર પાડ્યું હતું.આ વાઈવા પરીક્ષામાં બાહ્ય પરીક્ષક તરીકે ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક ડો. એસ. એમ. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ડો. વ્યાસ એ સંશોધકના કાર્યને ઉત્તમ અને મૂલ્યવાન ગણાવીને બિરદાવ્યું હતું. આ સિદ્ધિ બદલ સરદાર પટેલ યુનિવર્સિટી અને સમગ્ર શિક્ષણજગત તરફથી તેમને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ચક્રફેકની રમતમાં રાજ્યકક્ષાએ બ્રોન્ઝ મેડલ, સર્ટિફિકેટ, અને રોકડ પુરસ્કાર મેળવી શાળાનુ ગૌરવ વધાર્યું



**દાહોદ :** ગુજરાત સરકાર સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દિવ્યાંગ ખેલાડીઓ માટે રાજ્યકક્ષા નો સ્પેશિયલ ખેલ મહાકુંભ- 2025 નું આયોજન તારીખ 11/ 1 /2026 ના રોજ સરેબલ પાલ્સી સ્પોર્ટ ફેડરેશન ગુજરાત દ્વારા પોરબંદર ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડા તાલુકાની શ્રી કે. બી. પટેલ હાઇસ્કુલ કીડીયા- વખતપુર શાળામાં ધોરણ 9 માં અભ્યાસ કરતો સેરેબલ પાલ્સી ની દિવ્યાંતા ધરાવતો વિદ્યાર્થી હાર્દિક ખાતુભાઈ પગી એ ચક્રફેક ની રમતમાં રાજ્યકક્ષાએ બ્રોન્ઝ મેડલ, સર્ટિફિકેટ, અને રોકડ પુરસ્કાર મેળવી જિલ્લા તાલુકા અને શાળાનું ગૌરવ વધારેલ છે જેના કોચ તરીકે સરસ્વતી ઉ.બુ. વિદ્યાલયના IEDSS દિવ્યાંગ બાળકો ના શિક્ષક જે.પી સોલંકી દ્વારા માર્ગદર્શન અને તાલીમ પૂરી પાડવા માં આવી હતી. બાળકની આ સિદ્ધિને શાળાના આચાર્ય, સમગ્ર સ્ટાફ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

### દાહોદની જી. પી. ધાનકા હાઈસ્કૂલમાં વાર્ષિક રમતોત્સવની ઉમંગભેર ઉજવણી કરાઇ



**દાહોદ :** શ્રી જી. પી. ધાનકા મા. તથા ઉ. મા. શાળા દાહોદ મા સરદાર સ્ટેડિયમ ( સીટી ગ્રાઉન્ડ) ખાતે વાર્ષિક રમતોત્સવ ઉજવાઈ ગયો. જેમાં ઉદ્ઘાટક અને અતિથિ વિશેષ તરીકે દાહોદના ધારાસભ્ય શ્રીમાન કનૈયાલાલ કિશોરી હાજર રહ્યા હતા.. મુખ્ય મહેમાન તરીકે ગોપાલભાઈ ધાનકા હાજર રહ્યા હતા અને ડી. ઈ. ઓ. કચેરી તરફથી ઈ.આઈ. ડોક્ટર ભોકણ, સુરેશભાઈ મેડા, ડાંગી કિશોરી, નગરપાલિકા પ્રમુખ નિરજભાઈ દેસાઈ પણ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન અતિથિ વિશેષ અને ઉદ્ઘાટક દ્વારા આ સ્પોર્ટ્સ ડે ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. વિવિધ એવી આઠ જેટલી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દોડ, કબડ્ડી, બરછી ફેક, ચક્ર ફેક, ગોળા ફેંક, ક્રિકેટ અને રસ્સી ખેંચ જેવી રમતોમાં ખૂબ જ ઉમળકાભેર ભાગ લીધો હતો અને પોતાનું અનન્ય પ્રકાર નું કૌશલ્ય બતાવ્યું હતું. શાળાના આચાર્યએ આવેલ મહેમાનોનું શાબ્દિક અભિવાદન કર્યું હતું તથા ધારાસભ્ય બચુભાઈ કિશોરી અને ગોપાલભાઈ ધાનકાએ પણ પ્રસંગિક ઉદબોદન કર્યા હતા.

### કાલોલના કરોલી ખાતે પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ દ્વારા જનસંપર્ક કાર્યક્રમ યોજાયો



**ગોધરા :** લોકસભાના પંચમહાલના સાંસદ રાજપાલસિંહ એમ. જાદવ દ્વારા તેમના કાલોલ સ્થિત કરોલી નિવાસસ્થાને જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મત વિસ્તારના અનેક આગેવાનો અને નાગરિકો પોતાની વિવિધ રજૂઆતો અને સમસ્યાઓ લઈને પહોંચ્યા હતા. જનસંપર્ક દરમિયાન લોકોએ ખાસ કરીને પીવાના પાણીની સુવિધા, ગામડાના રસ્તાઓની મરામત, આવાસ યોજનાના લાભો અને ખેતીવાડી તેમજ રહેણાંક વિસ્તારમાં વીજળીની અછત જેવી પ્રાથમિક જરૂરિયાતો અંગે વિગતવાર રજૂઆતો કરી હતી. આ સાથે જ આરોગ્ય અને શિક્ષણને લગતી કેટલીક સ્થાનિક મુશ્કેલીઓ પણ સાંસદ સમક્ષ મૂકવામાં આવી હતી. સાંસદ રાજપાલસિંહ જાદવે આ તમામ પડતર પ્રશ્નોને ગંભીરતાથી સાંભળ્યા હતા અને તેના યોગ્ય નિરાકરણ માટે સંબંધિત વિભાગના અધિકારીઓને ટેલિફોનિક સૂચના આપી પ્રશ્નોનો નિકાલ કરવા જણાવ્યું હતું.

### વન વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં ચોરાયેલા અવયવો અને હથિયાર કબજે

# અનામત જંગલ વિસ્તારમાં દીપડાની હત્યા મામલે બે આરોપીઓ ઝડપાયા



(પ્રતિનિધિ) સિંગવડ, દાહોદ,તા.18
બારીયા વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની સરજુમી રેન્જની સરજુમી બીટના ફોફણ ગામે આવેલા અનામત જંગલ વિસ્તારમાં તા. 16/01/2026ના રોજ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-1972ની અનુસૂચી-૧માં સમાવિષ્ટ અને કાયદા હેઠળ સંપૂર્ણ રક્ષણ પ્રાપ્ત એવા વન્યપ્રાણી દીપડા (માદા, અંદાજિત વય ૫ વર્ષ)ના અવયવો ચોરી ગયાની ગંભીર ઘટના સામે આવી હતી.

મૃત દીપડાના આગલા જમણા અને ડાબા પગના નખ કુલ ૮ આખા અને ૧ અડધો તેમજ મૂછના વાળ ૨૭ નંગ દાતરડાથી કાપી લઈ ગયેલા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ ઘટનાને પગલે ડૉ. સંદીપકુમાર, મુખ્ય વન સંરક્ષક, વડોદરા વન વર્તુળના માર્ગદર્શન હેઠળ તથા મિતેશ પટેલ, નાયબ વન સંરક્ષક, બારીયાના નિરીક્ષણમાં કે.એન. ખેર, મદદનીશ વન સંરક્ષક, દાહોદ, ડી.બી. બારીઆ, આર.એફ.ઓ. સરજુમી અને એમ.એન. પ્રજાપતિ, આર.એફ.ઓ. રંધીકપુરની આગેવાનીમાં જુદી જુદી ટીમો બનાવી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન વન્યપ્રાણીના ચોરાયેલા અવયવો તથા ગુનામાં વપરાયેલ હથિયાર આરોપીના ઘરેથી કબજે કરવામાં આવ્યા હતા. આ મામલે નીચે જણાવેલ આરોપીઓ વિરુદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-1972ની કલમ 2(31), 2(32), 2(35), 2(36), 39, 40, 50, 51 અને 52 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીઓને એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ , લીમખેડાની કોર્ટમાં રજૂ કરતા દિન-૨ના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

### જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને આયોજન

# 77માં પ્રજાસત્તાક દિનની ઉજવણી અંગે બેઠક યોજાઈ



(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.18
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણીને ભવ્ય, સુવ્યવસ્થિત બનાવવા જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમની રૂપરેખા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમ સ્થળે રાષ્ટ્રધ્વજારોહણ, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સરકારી યોજનાઓના પ્રદર્શન અંગેની વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટરએ તમામ વિભાગોને પરસ્પર રહી સમન્વય સાથે જવાબદારીઓ નિભાવવાની સૂચના આપી હતી. ઉપરાંત સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ, આરોગ્ય સેવાઓ, પીવાનું પાણી, બેઠક વ્યવસ્થા તથા ઈમરજન્સી સેવાઓ માટે જરૂરી આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા, પોલીસ અધીક્ષક ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલેકટર શૈલેશ ગોકલાણી સહીત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બોડેલી તાલુકાના જબુગામ મુખ્ય ચોકડી પર એક જ દિવસમાં બે અકસ્માત

# મુખ્ય ચોકડી બંને બાજુ બમ્પ અથવા બેરીકેડ મૂકવા લોક માંગ ઉઠી



(પ્રતિનિધિ) બોડેલી, તા.18
છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જગુગામ જે બોડેલીથી મધ્યપ્રદેશને જોડતો મુખ્ય હાઈવે પરનું ગામ છે જેમાં મુખ્ય હાઈવે પર જ બજાર પણ હોવાથી વારંવાર અકસ્માતો સર્જાતા હોય છે એ જ પ્રમાણે આજરોજ સવારના સમયે 9 માં ધોરણમાં ભણતી વિદ્યાર્થીની સ્કૂલ જતી વખતે ચોકડી પરથી પસાર થતી હતી તે જ વખતે બાઈકની અડફેટે આવી હતી જેથી કરીને તેને ઈજા થઈ હતી. આ રોડ ઉપરથી સ્કૂલ જવા માટે રોજના 1000 ઉપરાંત વિદ્યાર્થીઓ પસાર થાય છે જેમાં નાના નાના ભૂલકાઓનો પણ સમાવેશ થાય છે ગામમાં બે સ્કૂલ અને બે આંગણવાડી અને એક આઈટીઆઈ રોડ સંપર્ક સાથે જોડાયેલ છે જેથી કરીને વિદ્યાર્થીઓને અવરજવર કરતી વખતે રેતીના સાધનો તથા અન્ય સાધનો રમફાટ સ્પીડમાં જતા હોય છે જેને લઈ આજ રોજ સાંજના સમયે પણ એક બાઈક ચાલકને બોલેરો ચાલકે અડફેટે લીધો હતો જે મામલે જબુગામ મુખ્ય બજારમાં ભારે લોક ટોડા ભેગા થયા હતા અને બોલેરો ચાલક ફરાર થઈ ગયો હતો જેથી કરીને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો એટલે ગામની બંને સાઈડ બંપ મુકવામાં આવે કાંતો બેરીકેટ મૂકી સ્પીડ કંટ્રોલ કરવામાં આવેજેથી કરીને વાહન ચાલકો બજારમાં ધીરી ગતિએ પસાર થાય. જેથી કરીને ગામ લોકોની માંગ છે કે કાતો ચોકડીની આસપાસ હાઈવે પર બમ્પ મૂકવામાં આવે કાંતો ફરી બેરીકેટ મૂકવામાં આવે જેથી કરીને વાહનો ધીમી ગતિએ થાય તો અકસ્માતથી બચાવ થાય.

### ગરબાડાના પાટાડુંગરી જળાશયમાંથી હાલમાં ઘઉં ચણાના પાક માટે કેનાલો દ્વારા પાણી છોડાયું



**દાહોદ :** દાહોદ શહેરને પાણી પુરવઠો પૂરું પાડતા ગરબાડા તાલુકા ના પાટાડુંગરી જળાશય માં થી હાલમાં ઘઉં ચણાના પાક માટે કેનાલો દ્વારા પાણી છોડવામાં આવ્યું છે ત્યારે જળાશયમાં જળ સ્તર ઓછું થતા નાના મોટા ટાપુ જેવા લાગતા ચારથી પાંચ ડુંગરો સરોવરના પાણીમાં જોવા મળી રહ્યા છે ચોમાસાની ઋતુમાં આ જળાશયમાં સૌથી મોટો ડુંગરજ જોવાય છે બાકીના પાણીમાં ડૂબી જતા હોય છે જ્યારે હાલમાં ચારથી પાંચ જેટલા નાના મોટા ટાપુ જેવા લાગતા આ ડુંગરોનો નજારો જળાશયના હિંલોળા મારતા પાણીમાં અદભુત નયન રમ્યા લાગી રહ્યો છે

## રાજય કક્ષાની પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધાને ધ્યાને રાખી જાહેરનામું બહાર પડાયું

(પ્રતિનિધિ) હાલોલ,તા.18
પાવાગઢ માંચીથી દુધીયા તળાવ સુધી ચાલતા ચઢવાના પગથિયા ઉપર પ્રવાસીઓની અને રસ્તા પર ખાનગી વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ તા.૨૦ મી જાન્યુઆરીના રોજ સવારના ૦૭-૦૦ કલાક થી ૧૧:૦૦ કલાક દરમિયાન પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ.

પંચમહાલ જિલ્લાના પાવાગઢ પર્વત ઉપર આગામી તા.૨૦/૦૧/૨૦૨૬ ના મંગળવારના રોજ રાજય કક્ષાની પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન પાવાગઢ માંચી થી દુધીયા તળાવ સુધી કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં મોટા પ્રમાણમાં સ્પર્ધકો ભાગ લેનાર હોઈ, કોઈને અગવડ ન પડે અને કોઈ અકસ્માત કે જાનહાનિ સર્જાય નહી તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી હોવાથી પંચમહાલ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ તેમને મળેલ સત્તાની રૂએ આગામી તા.૨૦ જાન્યુઆરીના મંગળવારના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી ૧૧-૦૦ કલાક સુધીના સમયગાળા દરમિયાન પાવાગઢના માંચીથી દૂધીયા તળાવ સુધી ચાલતા જવાના પગથિયા ઉપર યાત્રાળુઓ/દર્શનાર્થીઓ/પ્રવાસીઓને ચઢવા-ઉતરવા ઉપર, પશુઓ દ્વારા સાધન સામગ્રી કે ચીજ વસ્તુઓના વહન કરવા કે અવર-જવર કરવા ઉપર તેમજ તળેટી થી માંચી સુધીના રસ્તા ઉપર ખાનગી વાહનોની અવર-જવર ઉપર જાહેરનામા દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે.

## દાહોદમાં લાભાર્થીઓ માટે વિના મૂલ્યે આરોગ્ય તપાસ કેમ્પ

(પ્રતિનિધિ) દાહોદ,તા.18
ફ્રેન્ડ્સ સર્કલ ઠક્કર ફળિયા દાહોદ દ્વારા આયોજિત દાહોદ તાલુકા આરોગ્ય શાખા અને દાહોદ અર્બન હેલ્થ સેન્ટર ત્રણ ગોદીરોડના સહયોગથી વિનામૂલ્યે આરોગ્ય તપાસ કેમ્પ તારીખ 18 1 2026 ને રવિવારના રોજ સવારે 10:00 કલાકથી 1 કલાક દરમિયાન ઠક્કર ફલિયા મસ્જિદ વાળી ગલી માં રાખવામાં આવ્યો હતો જેમાં નિષ્ણાત ડોક્ટરની ટીમ ડો દિવ્યપાલ બામણ હાર્ટ અને જનરલ ફિઝિશિયન,ડો વીરભદ્ર નાયક ઓર્થોપેડિક સર્જન ડો ઇઝહાર શેખ ફિઝિશિયન ઉપસ્થિત રહી અને દર્દીઓનો ચેકઅપ કર્યું હતું આ ઉપરાંત આ કેમ્પમાં ઈસીજી, ડાયાબિટીસ વગેરેને લગતા ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.

### કાલોલ તાલુકાના વાંટા સુરેલી ગામમાં સ્મશાનની સુવિધાનો અભાવ

# નદી કિનારે ખુલ્લામાં સ્વજનોની અંતિમવિધિ કરવા ગ્રામજનો મજબુર

**આ** અંગે લાગતા વળગતા તંત્રને અનેક રજૂઆતો કરી છતાં પરિણામ શૂન્ય



(પ્રતિનિધિ) કાલોલ,તા.16
સરકાર એક તરફ વિકાસની મોટી મોટી વાતો કરે છે ત્યારે ગ્રાઉન્ડ લેવલે હકીકતો કંઈક અલગ જ જોવા મળે છે.આઝાદીના આટલા બધા વર્ષો બાદ પણ પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં કંઈક અંશે તંત્ર નિષ્ફળ ગયું છે કાલોલ તાલુકાના સુરેલી ગ્રામ પંચાયત હસ્તકના વાંટા ગામમાં એક વ્યક્તિનુ અવસાન થયુ હતુ જેથી ગામમા સ્મશાનની સુવિધા ના હોવાથી પોતાના સ્નેહીજનો ની અંતિમવિધિ ગોમા નદી કિનારે ખુલ્લામાં કરવા ગ્રામજનો મજબુર બન્યા છે નદી સુધી જવાનો પગદંડી રસ્તો છે જે પણ ઝાડી ઝાંખરા વાળો છે જેથી મૃતદેહને લઈ જવામાં પણ ભારે પરેશાની ભોગવવી પડે છે.

ગ્રામજનોએ સરપંચ થી લઈ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત સદસ્ય, ધારાસભ્ય અને સાંસદ સુધી રજૂઆત કરી છે તો પણ કોઈ સાંભળવા તૈયાર નથી. પગદંડી રસ્તા ઉપર નવો રસ્તો પણ બનાવતા નથી. સરકાર સ્મશાનગૃહ માટે ગ્રાન્ટ ફાળવતી હોય છે ત્યારે આ ગામમાં સ્મશાનની સુવિધા પુરી પાડવાની તાતી જરૂર છે ત્યારે વહીવટી તંત્ર આ બાબતે નકકર આયોજન કરે તેવી ગ્રામજનો ની માંગ ઉઠી છે.

### દેવગઢ બારીયાના દેવી રામપુરા ગામની હિટ એન્ડ રનની ઘટના

# પૂરઝડપે દોડી આવતું ટ્રેક્ટર પલટ્યુ, રસ્તે જતા યુવાનનુ ટ્રેકટરની અડફેટે ઘટનાસ્થળે જ મોત

રોડની બાજુમાં બાંધેલ બળદ ટ્રેક્ટરની નીચે આવી જતા બળદને ઈજાઓ



(પ્રતિનિધિ) દાહોદ,તા.18
દેવગઢબારિયા તાલુકાના સાગટાળા પોલીસ મથકની હદમાં આવેલ દેવી રામપુરા ગામે ચાલકની ગફલત અને ટ્રેક્ટરની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે પુરપાટ દોડી આવતું ટ્રોલી સાથે નું ટ્રેક્ટર રોડની બાજુમાં પલટી ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટ્રેક્ટર પર બેઠેલ વચલી ભીત ગામના ૨૩ વર્ષીય યુવાનને ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હોવાનું તેમજ રોડની બાજુમાં બાંધેલ બળદ ટ્રેક્ટરની નીચે આવી જતા બળદને પણ ગંભીર ઈજાઓ થયાનું સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર છોટાઉદેપુર જિલ્લાના અનિલભાઈ હર્ષદભાઈ રાઠવા ઉતરાયણના દિવસે રાત્રિના સાતેક વાગ્યાના સુમારે પોતાનું જીજે ૩૪બી-૬૬૩૩ નંબરનું ટ્રોલી સાથેનું લાલ કલરનું મહિન્દ્રા કંપનીનું ટ્રેક્ટર પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ ટ્રેક્ટરની વધુ પડતી ઝડપ અને ચાલક અનિલભાઈ રાઠવાની ગફલતને કારણે અનિલભાઈ રાઠવાએ ટ્રેક્ટરના સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રેક્ટર દેવગઢબારિયા તાલુકાના દેવી રામપુરા ગામે રોડની બાજુમાં પલ્ટી ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટ્રેક્ટરમાં બેઠેલ છોટા ઉદેપુર જિલ્લાના વચલીભીત ગામના ગુદિયા મહુડા ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય રામસિંગભાઈ સકુડાભાઈ રાઠવાના પૌત્ર ૨૩ વર્ષીય વિષ્ણભાઈ દિલીપભાઈ રાઠવાને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી મોત નીપજ્યું હતું.

# ડભોઈમાં ગંદકી કરનાર માટે સીધી કોર્ટની કાર્યવાહી!

**જાહેરમાં** કચરો ફેંકતા ઝડપાયા તો દંડ નહીં, હવે કેસ અને સજા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18
ડભોઈ શહેરને સ્વચ્છ રાખવા હવે નગરપાલિકાએ નરમાઈ છોડીને કડક વલણ અપનાવ્યું છે. જાહેરમાં કચરો ફેંકતા અને ગંદકી ફેલાવતા ઈસમો સામે સીધી કોર્ટમાં ફરિયાદ કરવા માટે નગરપાલિકાએ તખ્તો તૈયાર કરી દીધો છે. એટલે હવે “એક વખત ફેંકી દઈએ, કોણ જુએ છે?” એવી માનસિકતા ભારે પડી શકે છે. ડભોઈ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા સ્વચ્છતા અંગે સતત પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. તેમ છતાં કેટલાક નગરજનો દ્વારા જાહેરમાં કચરો નાંખવાની આદત યથાવત રહેતા શહેરની સ્વચ્છતા અને નગરજનોનું સ્વાસ્થ્ય બંને જોખમમાં મુકાઈ રહ્યું છે. આવા ગંદકી ફેલાવતા ઈસમો સામે હવે ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટની કલમ 183(લ), 192, 193, 194 અને 195 મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ અંતર્ગત ડભોઈ નગરપાલિકા દ્વારા ડભોઈના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં સીધી ફરિયાદ દાખલ કરવામાં આવશે. નગરપાલિકાના સેનેટરી સુપરવાઈઝરને કોર્ટમાં ફરિયાદ દાખલ કરવાની સત્તા આપવામાં આવી છે, જ્યારે કેસમાં સેનેટરી ઈન્સ્પેક્ટરની સહી અધિકૃત કરવામાં આવી છે.